
રાત્રિભોજન-મહાપાપ
–મુનિ ભવ્યદર્શનવિજય
પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાનું મુખપત્ર
ધર્મદૂત [માસિક]
વાર્ષિક – રૂા. ૫૧-૦૦
આજીવન – રૂા. ૨૫૧-૦૦

પાછા ફરો—પાછા ફરવાનો શુભ સંકલ્પ કરો અને દ્રવ્ય-ભાવ બંને પ્રકારના આરોગ્યને પામો એ જ શુભકામના!

ચાલો, એ રાત્રિભોજનના પાપને અનેક પાસાંઓથી તપાસીએ...

— મુનિ ભવ્યદર્શન વિજય.

* * * * * * *

## વિ-ષ-ય-દ-ર્શ-ન


(૧) રાત્રિભોજન-કેવલજ્ઞાનીની દ્રષ્ટિએ.........
જૈન દર્શનના આધારે વિચારણા......

(૨) ભોજનવિધિ.........

(૩) રાત્રિભોજન — જૈનેતર દર્શનની દ્રષ્ટિએ.........
જૈનેતર ગ્રંથોના આધારે વિચારણા...

(૪) રાત્રિભોજન — ડૉક્ટર-વૈદ્યોની દ્રષ્ટિએ............

(૫) રાત્રિભોજન — સર્વસામાન્ય દ્રષ્ટિએ...........

(૬) પાણીના એક ટીપામાં જીવો કેટલા?............

(૭) નરકના દુઃખનું સામાન્ય વર્ણન.............
જૈન - જૈનેતર ગ્રંથોના આધારે




# [૧] રાત્રિભોજન-કેવલજ્ઞાનીની દ્રષ્ટિએ !

અન્યદર્શનકારોનું જ્ઞાન સીમિત છે ! વિજ્ઞાનનું સંશોધન હજી અપૂર્ણ જ છે. પણ સર્વજ્ઞનું જ્ઞાન ખામી વગરનું અને સર્વાંગ સંપૂર્ણ છે...!! એ વિશિષ્ટ જ્ઞાન ધરાવનારને કોઈપણ વસ્તુ તપાસવા માટે, જોવા માટે, જાણવા માટે....

નથી જરૂર કોઈ મોટા વિજ્ઞાનભવનની !

નથી જરૂર કોઈ મોટા-નાના યાંત્રિક સાધનો વસાવવાની !

નથી જરૂર કોઈ માઈક્રોસ્કોપ કે બાઈનોક્યુલર દુર્બીનની !

નથી જરૂર એના સંશોધનો પાછળ મહિનાઓ, વર્ષો વિતાવવાની !

નથી જરૂર એની પાછળ પૈસાનો ધુમાડો કરવાની !

વગર વિજ્ઞાનભવન-લેબોરેટરીએ, વગર યંત્રોએ, વગર દુર્બીનોએ અને સમય તથા પૈસાના ધુમાડા કર્યા વગર સર્વજ્ઞભગવંતોએ જગજાહેર કરી દીધું છે કે - રાત્રિભોજનમાં અસંખ્ય-અનંત જીવોની વિરાધના થતી હોવાથી મહાપાપનું કારણ છે ! માટે રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ !

વૈજ્ઞાનિકો સંશોધનના અંતે પણ જાહેર કરતાં ખચકાટ અનુભવે છે કે નવીને અમારું સંશોધન ખોટું પડે તો ! પણ સર્વજ્ઞને પોતાની વિશિષ્ટ જ્ઞાનશક્તિથી જોયેલી જાણેલી વસ્તુને જાહેર કરતાં કોઈ જાતનો ખચકાટ નથી હોતો, કારણ ગમે તેવા સંશોધન પછી પણ એને કોઈ મિથ્યા ઠરાવી શકે તેમ નથી !

કેવલજ્ઞાનીની દૃષ્ટિએ એક જ વખતનું રાત્રિભોજનનું પાપ-મહાપાપ કેટલું એ વાંચો... પાન નં. ૧૦-૧૧ ઉપર.

કેવલજ્ઞાની તો ત્યાં સુધી જણાવે છે કે - દિવસે પણ અંધારામાં અથવા સાંકડા મોઢાવાળા વાસણમાં જમવાથી રાત્રિભોજનનો દોષ લાગે છે !!

## રાત્રિભોજન – જૈન દર્શનના આધારે...

**वासरे च रजन्यां च, यः खादन्नेव तिष्ठति।**
**शृंगपुच्छपरिभ्रष्टः, स्पष्टं स पशुरेव हि॥** —યોગશાસ્ત્ર ૩/૬૨

દિવસ અને રાત જે ખાધા જ કરે છે તે ખરેખર સ્પષ્ટપણે શીંગડા-અને પુંછડા વગરનો પશુ જ છે!

રાત્રિભોજન કરનારને મૂર્ખની ઉપમા—

**ये वासरं परित्यज्य, रजन्यामेव भुंजते।**
**ते परित्यज्य माणिक्यं, काचमाददते जडाः॥** —યોગશાસ્ત્ર ૩/૬૫

જે માનવો દિવસે છોડીને રાત્રે જ ખાય છે તે મૂર્ખ મનુષ્યો ખરેખર માણેકને છોડીને કાચ ગ્રહણ કરે છે.

**वासरे सति ये श्रेयस्-काम्यया निशि भुंजते।**
**ते वपन्त्यूषरे क्षेत्रे, शालीन् सत्यपि पल्वले॥** —યોગશાસ્ત્ર ૩/૬૬

દિવસ વિદ્યમાન હોવા છતાં જેઓ કલ્યાણની ઈચ્છાથી રાત્રે ભોજન કરે છે. તેઓ પાણીના તળાવ (રસાળ ભૂમિ) ને છોડી ઉખર ભૂમિમાં ડાંગર વાવવા જેવું (અર્થાત્ મૂર્ખાઈ ભર્યું કામ) કરે છે.

**संसजज्जीवसंघातं, भुंजाना निशिभोजनम्।**
**राक्षसेभ्यो विशिष्यन्ते, मूढात्मानः कथं नु ते?॥**
—યોગશાસ્ત્ર ૩/૬૧

જે ભોજનમાં જીવોનો મોટો સમૂહ છે તેવું રાત્રિભોજન કરનાર મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કઈ રીતે પાડી શકાય? (અર્થાત્ રાત્રિભોજન એ રાક્ષસોનું ભોજન છે. જે માણસ રાત્રિભોજન કરે છે તેને નરરાક્ષસ કહેવો રહ્યો!)

**अन्नं प्रेतपिशाचाद्यैः, संचरद्भिर्निरंकुशैः।**
**उच्छिष्टं क्रियते यत्र, तत्र नाद्याद्दिनात्यये॥** —યોગ. ૩/૪૮

રાત્રિના સમયે નિરંકુશપણે ફરતા પ્રેત પિશાચાદિ અન્નને એંઠું



કરે છે, માટે સૂર્યાસ્ત થયા પછી ભોજન ન કરવું...

**घोरांधकाररुद्धाक्षैः, पतन्तो यत्र जन्तवः।**
**नैव भोज्ये निरीक्ष्यन्ते, तत्र भुंजीत को निशि?॥** યોગ. ૩/૪૯

ઘોર અંધકારથી રૂંધાયેલી શક્તિવાળા નેત્રોથી ભોજનમાં પડતા જીવોને આપણે જોઈ શકતા નથી... એવા રાત્રિના સમયે કોણ ભોજન કરે?...

**नाप्रेक्ष्यसूक्ष्मजन्तूनि, निश्यद्यात् प्रासुकान्यपि।**
**अप्युद्यत्-केवलज्ञानै-र्नादृतं तन्निशाशनम्॥** —યોગ. ૩/૫૩

રાત્રિના સમયે સૂક્ષ્મજંતુઓ જોઈ શકાતા નથી માટે ગમે તેવા જીવરહિત પદાર્થો પણ રાત્રે ન ખાવા! (કારણ એ પદાર્થમાં જીવ ન હોય પણ રાત્રિસમયે ફરતા જીવો ખોરાકમાં પડતા હોવાથી ખવાઈ જાય છે.) કેવળ જ્ઞાનીઓએ પણ (તેઓને પોતાના જ્ઞાનમાં સૂક્ષ્માતિસૂક્ષ્મજીવો દેખાતા હોવા છતાં) રાત્રિભોજનનો આદર કર્યો નથી. (અલબત્ નિષેધ કર્યો છે.) **નિશીથ-ભાષ્યમાં** કહ્યું છે કે—દિવસે બનાવેલી નિર્જીવ (અચિત્ત) લાડુ વગેરે વસ્તુઓમાં પણ રાત્રે કુંથુઆ લીલ-ફુગ આદિ જંતુઓ દેખી શકાતા નથી તેથી કેવલજ્ઞાનીઓ (પ્રત્યક્ષજ્ઞાનવાળા) પણ પ્રતિજ્ઞાપૂર્વક રાત્રિભોજન પરિહરે છે. જો કે દીવા-લાઈટના પ્રકાશમાં કીડી વગેરે જીવો દેખાય છે, પણ તેમાં (બીજા જીવોના વિનાશથી) મૂળવ્રતની વિરાધના થતી હોવાથી રાત્રિભોજન અનાચીર્ણ છે-ત્યાજ્ય છે.

**धर्मविन्नैव भुंजीत, कदाचन दिनात्यये।**
**बाह्या अपि निशाभोज्यं, यदभोज्यं प्रचक्षते॥** —યોગ. ૩/૫૪

જૈન ધર્મના જાણકારોએ દિવસઅસ્ત થયા પછી ક્યારેય ભોજન ન કરવું! કારણ ઈતર દર્શનકારો પણ રાત્રિભોજનને અભોજન ગણે છે. (જુઓ યજુર્વેદનો શ્લોક-૧૯ પાન-૧૬).

हृन्नाभिपद्मसंकोच - श्चण्डरोचिरपायतः।
अतो नक्तं न भोक्तव्यं, सूक्ष्मजीवादनादपि ॥ (આયુર્વેદ)

—યોગ. ૩/૬૦

આપણા શરીરમાં રહેલા હૃદયકમળ (નીચા મુખવાળું) અને નાભિકમળ (ઉંચા મુખવાળું) એ બંને કમળ સૂર્યના આથમી જવાથી સંકોચાઈ જાય છે. તેથી તથા રાત્રે ખાવામાં સૂક્ષ્મજીવોનું ભક્ષણ થઈ જતું હોવાથી રાત્રિભોજન ન કરવું.

श्रूयते ह्यन्यशपथाननादृत्यैव लक्ष्मणः।
निशाभोजनशपथं, कारितो वनमालया॥ —યોગ. ૩/૬૮

એમ સંભળાય છે કે—વનમાળાએ લક્ષ્મણ પાસે બીજા બધા સોગંદ ન લેવરાવતા 'રાત્રિ ભોજનનું પાપ લાગે' એવા સોગંદ લેવરાવ્યા!

રામાયણનો પ્રસંગ:

રામ અને સીતા સાથે લક્ષ્મણ પણ દક્ષિણાપથ તરફ ગયા... ત્યારે વચ્ચે કુબરનગરમાં મહીધરરાજાની પુત્રી વનમાળા સાથે લક્ષ્મણે લગ્ન કર્યાં... રામ સાથે આગળ પ્રયાણ કરતાં લક્ષ્મણ વનમાળાને ત્યાં જ મૂકે છે. વનમાળાને લાગ્યું કે—લક્ષ્મણજી કદાચ મને લેવા પાછા ન આવે તો? તેથી પાછા આવવાના સોગન લેવરાવે છે. લક્ષ્મણજી કહે છે—'હે પ્રિયે! રામચન્દ્રજીને જે દેશમાં જવાની ભાવના છે તે દેશમાં મૂકીને તને મારા દર્શન ન આપું તો પ્રાણાતિપાત આદિ (હિંસા વગેરે) પાપો કરનારની જે ગતિ થાય તે ગતિને હું પામું!' વનમાળાને આ સોગંદથી સંતોષ ન થયો... એટલે એણે કહ્યું—જો તમે રાત્રિભોજન કરનારની ગતિના સોગંદ લો તો હું રજા આપું... અને લક્ષ્મણજીએ એ સોગંદ લીધા... ત્યારે જ વનમાળાની રજા મળી...! અને લક્ષ્મણજીએ રામચન્દ્રજી સાથે આગળ પ્રયાણ કર્યું...!



અહીં સમજવાની વસ્તુ એ છે કે—પ્રાણાતિપાતાદિ પાપો આચરનારની જે ગતિ થાય છે તેનાથી પણ રાત્રિભોજન કરનારની ગતિ વધુ ભયંકર થાય છે... અર્થાત્ પ્રાણાતિપાતાદિ કરતાં પણ રાત્રિભોજનનું પાપ વધું મોટું-ભયાનક છે!!

अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन्।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम्॥ —યોગ. ૩/૬૩.

રાત્રિભોજનના દોષનો જાણકાર જે આત્મા સૂર્યોદય અને સૂર્યાસ્તની બે-બે ઘડી છોડીને ખાય છે (સૂર્યોદય પછી બે ઘડી અને સૂર્યાસ્ત પૂર્વેની બે ઘડી છોડીને) તે પુણ્યનું ભાજન છે. અર્થાત્ પુણ્યશાળી છે.

करोति विरतिं धन्यो यः, सदा निशि भोजनात्।
सोऽर्द्धं पुरुषायुषस्य, स्यादवश्यमुपोषितः॥ —યોગ. ૩/૬૯

જે ભવ્યાત્મા હંમેશ માટે રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે ખરેખર ધન્ય છે. રાત્રિભોજનના ત્યાગીને અડધી જિંદગીના ઉપવાસનું ફળ મળે છે.

રાત્રિભોજનથી તાત્કાલિક થનારા નુકશાનો:

मेधां पिपीलिका हन्ति, यूका कुर्यात् जलोदरम्।
कुरुते मक्षिका वान्तिं, कुष्ठरोगं च कोकिलः॥
कण्टको दारुखण्डं च, वितनोति गलव्यथाम्।
व्यंजनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः॥
विलग्नश्च गले वालः, स्वरभंगाय जायते।
इत्यादयो दृष्टदोषाः सर्वेषां निशिभोजने॥ યોગ. ૩/૫૦-૫૧-૫૨

જો રાત્રે ભોજનમાં કીડી ખાવામાં આવી જાય તો બુદ્ધિનો નાશ થાય, જૂ ખાવામાં આવી જાય તો જલોદર થાય, માખી આવી જાય તો વોમિટ (ઉલટી) થાય, કરોળીઓ આવી જાય તો કોઢ રોગ થાય છે, કાંટો અથવા લાકડાનો ટુકડો આવી

જાય તો ગળાની ભયંકર વેદના થાય છે, શાકમાં વીંછી આવી જાય તો તાળવું વીંધી નાંખે છે અને ગળામાં વાળ આવી જાય તો સ્વરભંગ થાય છે—ગળું બેસી જાય છે. આ રીતે રાત્રિભોજનમાં અનેક પ્રત્યક્ષ રોગો અને દોષો રહેલા છે.

**રાત્રિભોજન કરનારની પરલોકમાં થતી ગતિ:**

**उलूककाकमार्जार, गृध्रशंबरशूकराः ।**
**अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥** —યોગ. ૩/૬૭.

રાત્રિભોજન કરવાથી માનવી ઘુવડ-કાગડા-બિલાડા-ગીધ-સાબર-ભૂંડ-સાપ-વીંછી અને ઘો (ચંદન ઘો-પાટલા ઘો) વગેરેના અવતાર પામે છે. (એ અવતારો મોટા ભાગે એવા છે કે ત્યાં પણ રાત્રિભોજનનું પાપ ચાલું જ રહે અર્થાત્ નવા નવા પાપો બાંધવાના અને એવા જન્મો લેવાના-આ વિષચક્રમાં નાંખનાર રાત્રિભોજનનો સમજુ અને વિવેકીઓએ ત્યાગ જ કરવો જોઈએ)

**रजनीभोजनत्यागे, ये गुणाः परितोऽपि तान् ।**
**न सर्वज्ञादृते कश्चिदपरो वक्तुमीश्वरः ॥** -યોગ. ૩/૭૦

રાત્રિભોજનના ત્યાગમાં જે ગુણો રહેલા છે તે સર્વજ્ઞ-ભગવંત સિવાય અન્ય કોઈ કહેવા માટે સમર્થ નથી!

**बहुदोस आउ थोवं, तह पुण पभणेमि किंपि दोसस्स ।**
**भवछन्नुइ हणइ जीवा, सरसोसे इक्क तं पावं ॥**
**सरसोसे अट्ठोत्तर-भवम्मि जीवो करेइ जं पावं ।**
**तं पावं दवइक्के, इक्कुत्तरभवं दवं दिंति ॥**
**इक्कुत्तरभवम्मि दवे, जं पावं समुप्पज्जइ जीवो ।**
**कुवणिज्जे तं पावं, भवसयचिहुंआल कुकम्मे ॥**
**जं कुकम्मे पावं, तं पावं होइ आलमेगं च ।**
**भवसयएगावन्ने, आलं तं गमणपरइत्थी ॥**
**नव्वाणुसय (नवनवइ) भवपरइत्थी-गमणेणं होइ जं पावं ।**
**तं पावं रयणीए, भोयणकरणेण जीवाणं ॥**

—રત્નસંચય ગાથા-૪૪૭ થી ૪૫૧



(રાત્રિભોજનના) દોષો ઘણા કહેવાના છે પણ આયુષ્ય થોડું છે. (અર્થાત્ આખું આયુષ્ય પુરું થાય પણ રાત્રિભોજનના દોષો કહેવાના પૂરા ન થાય તેટલા દોષો એક રાત્રિભોજનમાં છે) તો પણ રાત્રિભોજનના કાંઈક દોષને હું કહું છું-છન્નુ ભવ સુધી કોઈ માચ્છીમાર જીવોને-માછલાઓને સતત હણે તેટલું પાપ એક સરોવરને સુકવવાથી થાય છે. એકસો આઠ ભવ સુધી સરોવર સુકવીને જે પાપ બાંધે તે પાપ એક દાવાનળ સળગાવવામાં લાગે. એવા એકસોને એક ભવ સુધી દાવાનળ સળગાવે એટલું પાપ એક કુવાણિજ્ય કરવાથી થાય છે. એવા એકસો ચુમ્માલીસ ભવ સુધી કુવાણિજ્ય કરે અને જે પાપ થાય તેટલું પાપ કોઈને એક વાર ખોટું આળ (અભ્યાખ્યાન-૧૩મું પાપ સ્થાનક) આપવામાં લાગે છે. એકસો એકાવન ભવ સુધી ખોટું આળ આપવામાં જે પાપ લાગે તેટલું પાપ એકવાર પરસ્ત્રીગમન કરતાં લાગે. અને એકસો નવ્વાણું (૯૯) ભવસુધી પરસ્ત્રીગમનમાં જે પાપ લાગે તેટલું પાપ માત્ર એક જ વખતના રાત્રિભોજનમાં લાગે છે.

વળી આગળ જતાં શું કહે છે તે વાંચો -

**पाणाइ दुगुण साइमं, साइमतिगुणेण खाइमं होइ ।**
**खाइमतिगुणं असणं, राईभोए मुणेयव्वं ॥** - રત્નસંચય - ૪૫૨

રાત્રે પાણી પીવા કરતાં બમણું પાપ સ્વાદિમમાં લાગે છે. સ્વાદિમ કરતાં ત્રણ ગણું પાપ ખાદિમમાં લાગે છે. અને ખાદિમ કરતાં ત્રણગણું પાપ અશન કરવાથી લાગે છે. એમ જાણવું.

**जं चेव राइभोयणे, ते दोसा अंधयारम्मि ।**
**जे चेव अंधयारे, ते दोसा संकडमुहम्मि ॥** - રત્નસંચય - ૪૫૩

રાત્રિભોજનમાં જે દોષો લાગે તે દોષ (દિવસે પણ) અંધારામાં ભોજન કરવાથી લાગે અને જે દોષો અંધારામાં ભોજન કરવાથી લાગે તે દોષો સાંકડા મુખવાળા વાસણમાં ખાવાથી લાગે.

नयणो न दीसइ जीवा, रयणीए अंधयारम्मि।
रयणीए वि निक्कन्नं, दिणभुत्तं राइभोयणं ॥ —રત્ન. ૪૫૪

રાત્રિએ તથા અંધકારમાં સૂક્ષ્મજીવોને જોઈ શકાતા નથી તેથી રાત્રિએ બનાવેલું દિવસે ખાય તો પણ રાત્રિભોજન તુલ્ય છે.

આટલી સૂક્ષ્મ વાતો જૈનશાસન સિવાય ક્યાં જાણવા મળે? જેને આ શાસન મળ્યું છે એ ખરેખર મહાભાગ્યશાળી છે. પણ આવું ઉત્તમ શાસન મળ્યા પછી પણ જે આવા મોટા પાપો કરે જ જતો હોય તો એને કેવો કહેવો...?

## [૨] : ભોજનવિધિ :

શ્રાવક-ગૃહસ્થ ભોજનની ઇચ્છા થાય ત્યારે, યોગ્યકાળે, લોલુપતા વગેરેનો ત્યાગ કરી, જઠરાગ્નિ (પાચનશક્તિ) પ્રમાણે, હિતકારી અને માપમાં ભોજન કરે.

હે જીભ! ભોજનમાં અને બોલવામાં તું માપ રાખજે! કારણકે અતિભોજન કરવું અને અતિબોલવું એ મૃત્યુ માટે થાય છે.

ભૂખ વગર ખાધેલું અમૃત પણ વિષરૂપ બને છે. ભૂખનો કાળ વીત્યાબાદ અન્ન ઉપર દ્વેષ થાય છે, શરીર સીદાય છે. જઠરાગ્નિ બુઝાઈ ગયા પછી ભોજન શું કામનું? સાત્મ્ય-પ્રકૃતિને અનુકૂળ વસ્તુનું ભોજન કરવું જોઇએ. સુજ્ઞ અને ધર્મજ્ઞ પુરુષોએ માતા, પિતા, બાળકો, ગર્ભવતીસ્ત્રી, વૃદ્ધ અને રોગીને ભોજન કરાવ્યા પછી તેમજ પોતે રાખેલા પશુઓની તથા નોકર વગેરેની ચિંતા કર્યાબાદ ભોજન કરવું.

અકાળે ભોજન કરવું એ શાસ્ત્ર નિષિદ્ધ છે. મહાદોષો તથા મહાપાપોનું કારણ છે. વિવેક વિલાસમાં કહ્યું છે કે વહેલી સવારે, સંધ્યાકાળે, રાત્રે, અન્નની નિંદા કરતાં, રસ્તે ચાલતાં, જમણાપગ ઉપર હાથ મૂકી, ખાવાની વસ્તુ ડાબાહાથમાં લઈ, ખુલ્લી જગ્યામાં, તડકામાં, અંધકારમાં, ઝાડનીચે બેસીને, તર્જની (પહેલી) આંગળી ઊંચીરાખીને



કદી ભોજન ન કરવું.

હાથ-પગ-મોં ધોયાવિના, નગ્નાવસ્થામાં, મલીનવસ્ત્રો પહેરી, ભીનાવસ્ત્રથી માથું વીંટાળી કે ડાબાહાથથી થાળી ઉપાડી કદી પણ ભોજન કરવું નહિ. અપવિત્ર છતાં ખાવાની વસ્તુ ઉપર લાલચુ થઈ, પગરખાં પહેરી, વ્યગ્રચિત્તે, જમીન ઉપર કે પલંગમાં બેસી ચાર વિદિશા તેમજ દક્ષિણદિશા તરફ મુખ રાખી, ટુંકા આસન ઉપર બેસીને ભોજન ન કરવું. ચંડાળ કે ધર્મભ્રષ્ટ લોકોના દેખતાં, ભાંગેલા કે મલીનભાજનમાં ભોજન ન કરવું.

ભોજન કોના તરફથી આવ્યું તે જાણ્યું ન હોય, બીજી વખત ગરમ કરેલું હોય તેવું ભોજન ન કરવું. જમતાં ચબચબ એવો અવાજ અને મુખનો વિકાર ન કરવો. ઇષ્ટદેવના સ્મરણપૂર્વક, સરખુ-વિશાળ અને અતિઊંચું ન હોય એવા આસન ઉપર બેસી, માસી, માતા, બહેન કે પત્ની વગેરે સ્ત્રીઓએ આદરપૂર્વક રાંધેલું, ભોજન કરીને નિવૃત્ત થયેલા પવિત્રપુરુષોએ પીરસેલું અને ઘરના સર્વલોકો ભોજન કરી રહ્યા પછી પોતે ભોજન કરવું. ભોજનાવખતે આવેલા બાંધવાદિકને ભોજન કરાવવું.

સુપાત્રમાં દાન આપી અથવા પરમશ્રદ્ધાથી સુપાત્રનું સ્મરણ કરી ભોજન કરવું. આ જગતમાં પોતાનું પેટ કોણ નથી ભરતું? એવા પેટભરા નરાધમોથી શું? જે ઘણા જીવોનો આધાર બને તે જ પુરુષ, પુરુષ ગણાય છે.

અતિથિને ભક્તિથી, અર્થિજનોને શક્તિ અનુસાર અને દુઃખીજનોને અનુકંપાથી યોગ્યરીતે દાન આપી ઉત્તમપુરુષોએ ભોજન કરવું જોઇએ. સૂર્યનાડી વહેતી હોય ત્યારે મૌનપણે, સ્થિર બેસી, ખાવાની વસ્તુ સુંઘીને, દૃષ્ટિદોષથી રહિત, ખરાબ સ્વાદવાળી, સ્વાદવગરની અને શાસ્ત્રે નિષિદ્ધ કરેલી વસ્તુનો ત્યાગ કરીને, વિકથા રહિતપણે ભોજન કરવું જોઇએ.

## [૩] રાત્રિભોજન-જૈનેતર દર્શનની દ્રષ્ટિએ...

પરમોત્કૃષ્ટ શ્રીજિનશાસન જેટલી સૂક્ષ્મતા ભલે તેમના દર્શનમાં ન હોય... પરંતુ તેઓ રાત્રિભોજનમાં અસંખ્યજીવોની હિંસાને સ્વીકારી એને મહાપાપ તો કહે જ છે! અલબત્ રાત્રિભોજનને તેઓ નરકનો નેશનલ હાઈવે નં. ૧ ગણાવે છે. રાત્રિભોજન કરનારના તપ-જપ-તીર્થયાત્રાદિ સત્કાર્યો નિષ્ફળ જાય છે એમ સ્પષ્ટ જણાવે છે. તર્કથી પણ રાત્રિ-ભોજનના પાપને સિદ્ધ કરે છે.

ભલે આજે કદાચ એમના ધર્મગુરુઓ એમને શાસ્ત્રની સાચી વાતથી વાકેફ ન કરતાં હોય અને અંધારામાં રાખતા હોય પણ એટલા માત્રથી રાત્રિભોજન, પાપ મટી જતું નથી! અને કર્તવ્ય બની જતું નથી!!

લગભગ બધા જ આસ્તિક દર્શનકારો રાત્રિભોજનને પાપ ગણાવે છે... એનો ત્યાગ કરવાનું કહે છે - એના ત્યાગનું વિધાન કરે છે અને એના ત્યાગનું ફળ દેવલોક બતાવે છે.

રાત્રિભોજનના ત્યાગીને તેઓ પણ એક મહિનામાં ૧૫ ઉપવાસનું ફળ બતાવે છે. (આજના જેવા ઉપવાસ નહીં... આજે તો એમની એકાદશી એટલે દ્વાદશીની દાદી થઈ ગઈ... કેળના પાન ઉપર આવે એટલું ખાઈને ઉપવાસ કહેવાય ખરો?)

### રાત્રિભોજન... જૈનેતર ગ્રંથોના આધારે...

જૈનેતર ગ્રંથોમાં રાત્રિભોજનને માટે શું કહ્યું છે તે જોઈએ.
રાત્રિભોજન એટલે નરકનો નેશનલ હાઈવે-નં.૧

चत्वारो नरकद्वारा, प्रथमं रात्रिभोजनम्।
परस्त्रीगमनं चैव, सन्धानानन्तकायिके॥ પદ્મપુરાણ-પ્રભાસખંડ.

નરકના ચાર દરવાજા છે. એમાં પહેલો રાત્રિભોજન, બીજો પરસ્ત્રીગમન, ત્રીજો બોળઅથાણું અને ચોથો અનંતકાયનું ભક્ષણ...



(અર્થાત્ જૈનેતર ગ્રંથમાં પણ રાત્રિભોજન ઉપરાંત બોળઅથાણાનો અને અનંતકાય (કંદમૂળ)નો સ્પષ્ટ નિષેધ કરેલો જોવા મળે છે. પણ રસના લાલચુ અને ખાવા-પીવાના શોખીનો શાસ્ત્રની વાતો સામે આંખ આડા કાન કરવા લાગ્યા છે અને હિંદુધર્મના લોકોને એમના ધર્મગુરુઓ પણ આ વાત સમજાવતા નથી!.... કારણ તેઓ પણ આ પાપમાંથી બાકાત રહી શક્યા નથી!) તેઓના પણ હાથ આ પાપોથી ખરડાયેલા છે. ખરડાઈ ચૂક્યા છે.

વૈદિક દર્શન...

मद्यमांसाशनं रात्री-भोजनं कंदभक्षणम्।
ये कुर्वन्ति वृथास्तेषां, तीर्थयात्रा जपस्तपः॥

—મહાભારત (ઋષીશ્વરભારત)

જેઓ મદિરા-દારૂ, માંસ, રાત્રિભોજન અને કંદમૂળનું ભક્ષણ કરે છે તેમના તીર્થયાત્રા, જપ-તપાદિ અનુષ્ઠાનો નિષ્ફળ જાય છે!

अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते।
अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेयमहर्षिणा॥ —માર્કંડ પુરાણ

સૂર્ય આથમી ગયા પછી પાણી પીવું એ લોહી પીવા બરાબર અને ભોજન કરવું એ માંસ ખાવા બરાબર છે એમ માર્કંડઋષિ જણાવે છે. (આજે દરેક ધર્મવાળાને અનુકૂળ વાતો પકડવી છે પણ આવી હિતકર વાતો સમજવી નથી).

मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल।
अस्तंगते दिवानाथे, भोजनं क्रियते?॥

સ્વજન-સ્નેહીનું મૃત્યુ થતાં માણસને સૂતક લાગુ પડે છે. તો પછી સૂર્યનો અસ્ત થાય ત્યારે ભોજન કેમ કરી શકાય? અર્થાત્ સૂર્યાસ્ત થયા બાદ રાત્રિભોજન સર્વથા વર્જ્ય છે!

(અહીં યાદ રાખજો કે – આ વિધાન હિન્દુગ્રંથોનું છે. સર્વજ્ઞકથિત જૈન ધર્મનું નથી!)

આગળ જ્યાં જણાવે છે કે –

**मद्यमांसाशनं रात्रौ-भोजनं कंदभक्षणम्।**

**भक्षणात् नरकं याति, वर्जनात् स्वर्गमाप्नुयात्॥**

મદિરા, માંસ, રાત્રિભોજન અને કંદમૂળનું ભક્ષણ જે કરે છે તે નરકમાં જાય છે. અને તેનો ત્યાગ કરનાર આત્મા સ્વર્ગમાં જાય છે.

**રાત્રે કેમ ન ખાય ?**

**देवैस्तु भुक्तं पूर्वाह्ने, मध्याह्ने ऋषिभिस्तथा।**

**अपराह्ने तु पितृभिः, सायाह्ने दैत्यदानवैः॥**

**संध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुलोद्वहैः।**

**सर्ववेलांव्यतिक्रम्य, रात्रौ भुक्तमभोजनम्॥**

– યજુર્વેદ આહ્નિક શ્લોક-૨૪-૧૯.

હે યુધિષ્ઠિર! હંમેશા દેવોએ દિવસના પ્રથમ (પ્રહર) ભાગમાં ભોજન કરેલું છે, ઋષિમુનિઓએ દિવસના બીજા પ્રહરમાં ભોજન કરેલું છે, પિતાઓએ ત્રીજાપ્રહરમાં ભોજન કરેલું છે અને દૈત્યો-દાનવોએ તથા યક્ષ અને રાક્ષસોએ સંધ્યા સમયે ભોજન કરેલું છે. આ દેવો વગેરેની ભોજનવેળાને ઓળંગીને જે રાત્રિભોજન કરે છે તે, ખરેખર અભોજન છે. એટલે ખરાબ ભોજન છે.

**રાત્રિભોજન ન કરનારને લાભ !**

**ये रात्रौ सर्वदाऽऽहारं, वर्जयन्ति सुमेधसः।**

**तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते॥**

જે પુણ્યાત્માઓ રાત્રે બધા જ આહારનો (પાણીનો પણ) ત્યાગ કરે છે તેઓ એક મહિનામાં પંદર ઉપવાસનું ફળ મેળવે છે.

**नोदकमपि पातव्यं रात्रावत्र युधिष्ठिर!**

**तपस्विना विशेषेण, गृहिणा च विवेकिना॥**

– માર્કંડ પુરાણ અ. ૩૦ શ્લોક ૨૨:



હે યુધિષ્ઠિર ! ખાસ કરીને તપસ્વીઓએ તથા વિવેકી ગૃહસ્થોએ રાત્રે પાણી પણ ન પીવું જોઈએ. (જો પાણીનો નિષેધ હોય તો ભોજનનો નિષેધ તો વિશેષ હોય જ !)

पयोदपटलच्छन्ने, नाश्नन्ति रविमंडले ।

अस्तंगते तु भुंजाना, अहो भानोः सुसेवकाः ।

સૂર્યમંડલ જ્યારે વાદળોથી ઘેરાઈ જાય છે તે સમયે જેઓ ભોજન કરતા નથી તેઓ જો સૂર્યાસ્ત થયા પછી પણ ખાય છે... તો એવા સૂર્યના ઉપાસકો ને ધન્યવાદ ઘટે છે...! અર્થાત્ એ સૂર્યના ઉપાસકો ખરેખર સૂર્યની સાચી ઉપાસના નથી કરતા માત્ર ઉપાસનાનો ઢોંગ જ કરે છે.

त्वया सर्वमिदं व्याप्तं, ध्येयोऽसि जगतां रवे ! ।

त्वयि चास्तमिते देव ! आपो रुधिरमुच्यते ॥

- કપોલસ્તોત્ર શ્લો. ૨૪-સ્કન્દપુરાણ.

હે સૂર્ય ! તારાથી આ સઘળું જગત વ્યાપ્ત છે, અને ત્રણે જગતને તું ધ્યાન કરવા યોગ્ય છે. માટે હે દેવ ! તારા અસ્ત થયા પછી પાણી પણ લોહી બરાબર ગણાય છે ! (અર્થાત્ રાત્રે પાણી પણ વાપરવું નહિ એવું સ્પષ્ટ થઈ જાય છે.)

नक्तं न भोजयेद्यस्तु, चातुर्मास्ये विशेषतः ।

सर्वकामानवाप्नोति, इहलोके परत्र च ॥

- યોગવાશિષ્ઠ પૂર્વાર્ધ શ્લો. ૧૦૮.

જે આત્મા રાત્રિભોજન કરતો નથી અને ચોમાસામાં ખાસ રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે આ ભવ અને પરભવમાં સર્વ મનોરથોને પામે છે !

(સામાન્ય દિવસોમાં પાપ ન કરવું અને ચોમાસામાં વિશેષ પાપનો ત્યાગ કરવો અને આરાધના વધારવી એમ અન્ય દર્શન પણ માને છે. જૈન દર્શન જણાવે છે કે ચાતુર્માસનો કાળ એટલે વિશેષ અભિગ્રહો ગ્રહણ કરવા યોગ્ય છે.)

एकभक्ताशनान्नित्यमग्निहोत्रफलं लभेत् ।
अनस्तभोजनो नित्यं, तीर्थयात्राफलं भवेत् ॥

- સ્કન્દપુરાણ-સ્કંધ-૭ અ. ૧૧ શ્લો. ૨૩૫.

જે માનવ હંમેશા રોજ એકવાર ભોજન કરે છે તે અગ્નિહોત્રના ફળને પામે છે. અને જે માનવ હંમેશા સૂર્યાસ્ત પૂર્વે જ ભોજન કરે છે તેને તીર્થયાત્રાનું ફળ ઘરે બેઠા પણ થાય છે.

(રાત્રિભોજન ન કરનારને રોજ તીર્થયાત્રાનું ફળ મળે એમ અન્યદર્શન જણાવે છે ત્યારે આજકાલ કેટલાક જૈનો તીર્થયાત્રા કરવા જાય ત્યાં ય રાત્રિભોજન છોડતા નથી !)

चातुर्मास्ये तु सम्प्राप्ते, रात्रिभोज्यं करोति यः ।
तस्य शुद्धिर्न विद्येत, चान्द्रायणशतैरपि ॥

- ઋષીશ્વરભારત-વૈદિકદર્શન

ચાતુર્માસમાં પણ જે રાત્રિભોજન કરે છે તેના પાપની શુદ્ધિ સેંકડો ચાન્દ્રાયણતપથી પણ થતી નથી !

यो दद्यात् काञ्चनं मेरुं, कृत्स्नां चैव वसुंधराम् ।
एकस्य जीवितं दद्यात्, न च तुल्यं युधिष्ठिर ! ॥ - મહાભારત.

હે યુધિષ્ઠિર ! એક માણસ સોનાના મેરુ પર્વતનું કે આખી પૃથ્વીનું દાન કરે અને બીજો માણસ એક પ્રાણીને જીવન (અભયદાન) આપે એ બંનેની કદી સરખામણી કરી શકાતી નથી. બલ્કે અભયદાન વધી જાય છે.

અહિંસાનું ફળઃ

दीर्घमायुः परं रूपमारोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं, किमन्यत् कामदेव सा ॥ -યોગશાસ્ત્ર.પ્ર. ૨.

દીર્ઘ આયુષ્ય, શ્રેષ્ઠરૂપ, આરોગ્ય, અને પ્રશંસનીયતા વગેરે અહિંસાના ફળો છે. વધુ શું કહેવું ? મનોવાંછિત ફળ આપવા માટે અહિંસા કામધેનું સમાન છે.



## [૪] રાત્રિભોજન—ડોક્ટર વૈદ્યોની દ્રષ્ટિએ...

પેલું પ્રાચીન સુભાષિત તો યાદ જ હશે...!

**પેટ કો નરમ, પાઁવકો ગરમ, શિરકો રખો ઠંડા;**
**ફીર જબ આવે ડોક્ટર, તબ ઉસકો મારો ડંડા...!**

અર્થાત્ પેટને નરમ રાખતો હોય, માથાને ઠંડુ રાખતો હોય ગુસ્સો ન કરતો હોય અને પગને ગરમ રાખતો હોય તેને કદી ડોક્ટરને શરણે જવું પડ્યું નથી! આજે હોસ્પીટલો ઉભરાય છે તેની પાછળનું કારણ પહેલા નંબરે બગડેલી આહારચર્યા જ છે... પેટને નરમ-લાઈટ રાખવાને બદલે ટાઈટ કરતા થઈ ગયા છીએ... એના કારણે એવી સુસ્તી આવે કે પગ ગરમ ક્યાંથી થાય? અને માથું પણ ઠંડુ ક્યાંથી રહે! ત્રણે બાબતમાં આજે આપણે ઊંધી દિશા તરફ પ્રગતિ સાધી રહ્યા છીએ એમ નથી લાગતું? ● અતિઆહારની જેમ રાત્રિ આહાર પણ બિમારીનું ઉગમસ્થાન છે. વૈદ્યોનું સ્પષ્ટ ફરમાન છે કે રાત્રે સૂતાં પહેલા ૩-૪ કલાક પૂર્વે જ ખોરાક ખાઈ લેવો જોઈએ. જેથી એ ખોરાકનું સારીરીતે પાચન થાય! શરદી વગેરે દરેક રોગો પણ રાત્રે વિશેષ હુમલો કરે છે! ● રાત્રે પાચનતંત્ર મંદ પડી જાય છે તેથી પેટ બગડે... પેટના કારણે આંખ... કાન... નાક... માથા વગેરેની બિમારીઓને આવતા વાર નથી લાગતી! ● સૂર્યના પ્રકાશમાં સૂક્ષ્મજીવાણુઓની ઉત્પત્તિ થતી નથી... સૂર્યનો પ્રકાશ સૂક્ષ્મજીવાણુઓ માટે અવરોધક તત્ત્વ છે! ● પરદેશમાં અમુક મેઝર ઓપરેશનો મોટા મોટા ડોક્ટરો પણ દિવસે જ કરે છે... ● ભોજન પચાવવા માટે જરૂરી ઓક્સીજનનું પ્રમાણ સૂર્યની હાજરીમાં મળે છે. ● રાત્રે હોજરીનું કમળ બીડાઈ જાય છે. જે સૂર્યોદય થયા બાદ ખીલે છે... અર્થાત્ શારીરિક દ્રષ્ટિએ પણ રાત્રિભોજન કુપથ્ય જ છે!

## [૫] રાત્રિભોજન-સર્વસામાન્ય દ્રષ્ટિએ...

- રાત્રિભોજનના ત્યાગથી શરીરરક્ષા અને આત્મરક્ષા બંને થાય છે.
- તન-મન-આત્મન્-દરેક દ્રષ્ટિએ રાત્રિભોજન એ ભયંકર હાનિકર્તા છે. એ દરેકને માટે સ્વાનુભવસિદ્ધ વિષય બની ગયો છે.
- ચકલી-પોપટ-કાગડા-કબુતર વગેરે પક્ષીઓ પણ સૂર્યાસ્ત થયા પછી ભોજનનો ત્યાગ કરી પોત પોતાના સ્થાને પહોંચી જાય છે રાત્રે ગમે તેવો પ્રકાશ હોય તો પણ ઉડતા નથી. કે ભોજન કરતાં નથી...
- કાળની દ્રષ્ટિએ પણ રાત્રિનો કાળ એટલે મોટે ભાગે પાપાચરણનો કાળ છે... ભોગીઓ ભોગના પાપમાં પાગલ હોય છે... ચોરો ચોરી કરવામાં મશગુલ હોય છે. રાત્રે ફરનારા ઘુવડ વગેરે પક્ષીઓ પોતાના ભક્ષ માટેની શોધમાં હોય છે... વગેરે...
- કોણ જાણે આજનો માનવ, માનવ છે કે નરપિશાચ છે? આજે જૂની માન્યતા, વિસરાઈ ગઈ છે કે— જીવન ટકાવવા માટે ખોરાક છે... ખોરાક ખા-ખા કરવા માટે જીવન નથી!
- લાઈટોના ગમે તેટલા પ્રકાશમાં પણ રાત્રે અમુક સૂક્ષ્મજીવો તો જોઈ શકાતા જ નથી!

* * * * * * * *

दयासमो न य धम्मो, अन्नसमं नत्थि उत्तमं दाणं ।
सच्चसमा न य कीत्ती, सीलसमो नत्थि सिंगारो ॥

દયા જેવો કોઈ ઉત્તમ ધર્મ નથી, અન્ન જેવું કોઈ ઉત્તમ દાન નથી, સત્ય સમાન બીજી કોઈ કીર્તિ નથી, અને શીલ જેવો કોઈ શણગાર નથી!

## [૬] પાણીના એક ટીપામાં જીવો કેટલા?

અલ્હાબાદ ગવર્નમેન્ટ પ્રેસમાં થોડા વર્ષો પૂર્વે છપાયેલ સિદ્ધ પદાર્થવિજ્ઞાન નામના પુસ્તકમાં કેપ્ટન સ્કોર્સબીએ સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા સાબિત કર્યું હતું કે—પાણીના એક ટીપામાં ૩૬૪૫૦ હાલતા ચાલતા જીવો છે... પણ જૈન દૃષ્ટિએ આ જીવો પાણીના



નહીં પણ પાણીમાં રહેલા ત્રસ જીવો હોય એમ સંભવે છે.

આજનું વિજ્ઞાન વિશેષ સંશોધનના અંતે હવે એમ કહે છે કે—જલચર વાઈરસનો વ્યાસ ૦.૦૦૦૦૦૮ ઈંચ કરતાં મોટો નથી! અને પ્રદૂષણરહિત એક ઘન ઈંચ પાણીમાં ૧૬ કરોડથી ૧૬૦ કરોડ વાઈરસ મળી આવે છે. કે જે સંખ્યા બેક્ટેરિયા કરતાં ૫ દસગણી વધારે છે!! (તો વિચારવાનું એ રહે છે કે આજે ઠેર ઠેર હવા-પાણીના પ્રદૂષણો થઈ ગયા છે તો પ્રદૂષિત પાણીના એક ઘન ઈંચ પાણીમાં કેટલા વાઈરસ હશે?.... આટલા વાઈરસ હોય પછી રોગચાળો વધે એમાં આશ્ચર્ય શું?

હવે વગર લેબોરેટરીએ અને વગર દુર્બિન વગર પાણીના એક ટીપામાં રહેલા અપકાયના જીવોની સંખ્યા કેવળજ્ઞાનીની દ્રષ્ટિએ કેટલી તે જોઈએ.

**"મહાવિદેહ ક્ષેત્રનો કોઈ હાથી પોતાની ૨૦ ભાણીઓમાં ક્રોડપૂર્વના પોતાના આયુષ્ય સુધી (જે આયુષ્ય ઋષભદેવ પરમાત્મા કરતાં ૧૬ લાખ પૂર્વ અધિક છે.) નલ પીલ્યા કરે અને એમાં જેટલા તલના દાણા પીલાય એના કરતાં પણ અધિકજીવો પાણીના એક ટીપામાં છે!" ત્યારે તો પરમાત્માએ કહ્યું કે—"પાણીના એક ટીપામાં રહેલા જીવોના દરેક શરીર જો સરસવના દાણા જેટલા મોટા થાય તો આખા જંબૂદ્વીપમાં પણ ન સમાય!!"**

આવા મોટાપાપથી બચવામાટે જ્ઞાનીઓ કહે છે કે—**પાણી ઘીની જેમ વાપરો...!**

## જંબૂદ્વીપનું માપ

જંબૂદ્વીપ ગોળ આકારનો છે. એનો વ્યાસ ૧ લાખ યોજનનો છે. એક યોજન એટલે ૩૬૦૦ માઈલ ગણવા. એટલે ૩૬૦૦૦૦૦૦૦ માઈલના વ્યાસવાળો જંબૂદ્વીપ છે.

* * * * * * *

## [૭] નારકી જીવોના દુ:ખનું સામાન્ય વર્ણન :-

નરકપૃથ્વી સાત છે. એ આપણે રહીએ છીએ એની નીચે નીચે અધોલોકમાં આવેલી છે. એ નરકપૃથ્વીમાં રહેનારા જીવોને નારકી કહેવાય છે. નારકીજીવોને અનંત-અનંત વેદના-મહાવેદનાઓ હોય છે. જે વેદનાનું વર્ણન કરવા ૧૪ પૂર્વધર કે કેવલજ્ઞાની પણ સમર્થ નથી. એ વેદનાની લેશમાત્ર રૂપ-રેખા અત્રે અપાય છે. નરકમાં પડતા દુ:ખોનું વર્ણન વાંચી નરકમાં લઈ જનારા મહાઆરંભ, મહાપરિગ્રહ, રાત્રિભોજન, માંસ-મદિરાભક્ષણ વગેરે પાપો-મહાપાપોનો ત્યાગ કરવા કટિબધ્ધ બનો - કમ્મર કસો એ જ અભિલાષા!

નારકીજીવને ગતિ-જાતિ-શરીર-અંગોપાંગ-શબ્દ-કર્મ વગેરે બધું જ ભવપૂરો ન થાય ત્યાંસુધી નિરંતર અશુભ જ રહે છે. એ જીવોના લેશ્યા, શરીર, વેદના, વિક્રિયા અને ત્યાંના પુદ્‌ગલના પરિણામો હંમેશ માટે અશુભ જ હોય છે.

**નારકી જીવોનું શરીર કેવું?** હાથ, પગ વગેરે અંગો, આંગળીઓ વગેરે ઉપાંગો, સંસ્થાન (શરીરની આકૃતિ), સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, અગુરુલઘુ, બંધન-ગતિ વગેરે બધું જ ત્યાંના ક્ષેત્રના પ્રભાવે તથા અશુભનામકર્મના ઉદયથી એવું અશુભ હોય છે કે જે જોવું પણ ન ગમે!

હાથ-પગ વગેરે અવયવો પ્રમાણ રહિત-બેડોળ હોય છે. પક્ષીની પાંખો કાપી નાંખવામાં આવે, પીંછા ઉતારી લેવામાં આવે પછી જેવું તે પક્ષીનું શરીર દેખાય તેના કરતાં વધુ ભયાનક અને બિભત્સ શરીર હોય છે. પેટના આંતરડા શરીરની બહાર હંમેશા લટકતાં હોય છે.

ઊંટના અઢારે અંગ વાંકા હોય છે. એના જેવું હુંડક સંસ્થાનવાળું શરીર હોય છે. અને આકૃતિથી પણ રૌદ્ર ક્રૂર - કરુણ અને ભય ઊપજાવે એવું હોય છે. તેમજ સમગ્ર શરીર હંમેશ અશુચિથી ખરડાયેલું હોય છે.

પહેલી નરક કરતાં બીજી-ત્રીજી વગેરે નરકોમાં તો આનાથી પણ વધુ ખરાબ-બદતર શરીર હોય છે.



**ત્યાંની ભૂમિ કેવી?** જ્યાં જુઓ ત્યાં ચોમેર લીંટ-બળખા - પેશાબ અને વિષ્ટા જ પથરાયેલી હોય છે. જ્યાં પગ મૂકો ત્યાં લોહી-ચરબી અને પરૂ આદિ અશુચિ પદાર્થો જ હોય છે. અરે! જ્યાં માત્ર મડદાં (Dead Body) મૂકી રાખવામાં આવે છે એવા સ્મશાનની જેમ ઠેર ઠેર માંસ-હાડકા-ચામડા દાંત વગેરેના ઢગલા અને લોહી-પરૂ આદિની નદીઓ વહેતી હોય છે. ના... એટલું જ નહિ! કૂતરા - બિલાડા - શિયાળ - નોળીયા - સર્પ-ઉંદર - હાથી - ઘોડા - ગાય - મનુષ્ય આદિના સડી રહેલા મડદાંની દુર્ગંધ મારી રહી છે. આ સડાની દુર્ગંધ મનુષ્ય તો સહન જ ન કરી શકે એવી હોય છે! અરે! એ સડાનો બદબૂ મારી રહેલો માત્ર એક જ પરમાણુ (એકના બે ભાગ ન થાય એવો કણ) જો મનુષ્યલોકના મુંબઈ-કલકત્તા જેવા, ગીચ વસ્તી ધરાવતા મોટા શહેરમાં લાવીને મૂકવામાં આવે તો શહેરના તમામ મનુષ્યો ખતમ થઈ જાય...! એક પણ માણસ જીવતો ન રહે! મનુષ્યો તો શું કૂતરા-બિલાડા ઉંદર જેવા પ્રાણીઓ પણ જીવતા ન રહે! ભોપાલનો ગેસ ધડાકો કે રાસાયણિક શસ્ત્ર અથવા આણુબોમ્બ કરતાં પણ અનેક ગણી-અનંત ગણી ભયાનક તાકાત દુર્ગંધી સડાના માત્ર એક કણમાં રહેલી છે.

ત્યાંની ભૂમિ દાંતરડા અને કરવત જેવી કર્કશ હોય છે એટલે ભૂમિનો સ્પર્શ પણ અત્યંત દુ:ખદાયી હોય છે.

કમ્મરતોડ વેદનાઓથી અનંત ત્રાસ પામેલા નારકીઓ પત્થરની મોટી શીલાઓ ફાડી નાંખે, કાનના પડદા ચીરી નાંખે એવી ચીસો પાડી રહ્યા છે. આખું આકાશ જાણે આક્રંદ ન કરી રહ્યું હોય એવું લાગે! આપણા રૂંવાટા ખડા થઈ જાય, હૈયા થીજી જાય, શરીર ધ્રુજી જાય, લોહી થંભી જાય એવી ચીચીયારી એ જીવો સતત પાડી રહ્યા છે! આંસુ તો ક્યારેય સુકાતા નથી!!

ઓય મા! મરી ગયો!! ઓ બાપ રે! સહન નથી

થતું! હે ભાઈ બચાવો! મારા ઉપર મહેરબાની કરો! દયા લાવો!! મારો વધ ન કરો! આવી આવી અનેક દયામણી કાકલુદીભરી આજીજી પરમાધામીના પગમાં પડીને કરે છે. દીનહીન અને રંક બનીને નિરંતર તીવ્ર-કરુણ વિલાપ કરે છે!!

અનરાધાર આંસુથી વ્યાપ્ત નેત્રોવાળા અને ગાઢ વેદનાથી ત્રસ્ત બનેલા એ નારકી જીવોના આક્રંદ, બળવાન ગણાતા ભલભલા જીવોના ગાત્રોને પણ ઢીલા પાડી દે તેવા હોય છે!

એ નરકભૂમિમાં કાળી અમાસની અંધારી રાત્રિ કરતાં પણ વધુ ભયાનક અતિભીષણ, અને ગાઢ અંધકાર છે! ત્યાં કોઈ બારી બારણાદિ કે વેન્ટીલેશન નથી!

લીમડાની ગળો કે એળીયા જેવી, દુનીયાની કડવામાં કડવી ચીજ કરતાં પણ કંઈ ગુણી કડવાશ ત્યાંની ભૂમિમાં હોય છે.

નારકીજીવોની ચાલ પણ ગધેડા-ઊંટ વગેરેની જેમ અત્યંત શ્રમજનક હોય છે. લોખંડની તપાવેલી લાલચોળ પ્લેટો કરતાં કંઈ ગુણી ત્યાંની ભૂમિની ઉષ્ણતા એ દુઃખમાં અનેક ગણો વધારો કરે છે.

મનુષ્યલોકના અગ્નિની ઝળઝળ ગરમીના સ્પર્શ કરતાં પણ અતિશય ઉષ્ણ સ્પર્શ નરકમાં હોય છે. ત્યાં વીંછીના ડંખ કરતાં પણ જોરદાર ડંખ મારતા હોય તેવો અનુભવ સતત થતો હોય છે...!

તત્ત્વાર્થ સૂત્રની વૃત્તિમાં ૧૦ પ્રકારની ક્ષેત્ર સંબંધી વેદના ગણાવી છે (૧) ઠંડીની વેદના. **ઠંડીની વેદના કેવી?** મહામાસની રાત્રિ હોય ઠંડો પવન સુસવાટા મારતો હોય, એવા સમયે વસ્ત્રરહિત દરિદ્રીમાણસને હિમાલય ઉપર ઠંડાપાણીના સ્નાનની સજા ફટકારવામાં આવે અને લાકડા જેવા અક્કડ થવાથી જે વેદના-શીત વેદનાનો અનુભવ થાય એના કરતાં પણ અનંતગણી વેદના નારકી જીવોને હોય છે. એ શીત વેદનાવાળા નારકીજીવને મૃત્યુલોકમાં લાવીને બરફની પાટ ઉપર સુવાડવામાં આવે તો



તેને સગડી પાસે કે હીટરવાળી રૂમમાં બેઠો હોય તેવો અનુભવ થાય અને ગાઢ ઊંઘ આવી જાય...!

(૨) **ગરમીની વેદના.** નરકમાં ગરમી કેવી ? ઉનાળાના દિવસો હોય, આકાશની મધ્યમાં રહેલો સૂર્ય જાણે અંગારા વરસાવી રહ્યો હોય, ધરતી ઉપર પગ ન મૂકી શકાય એવી ગરમ ભૂમિ હોય, એમાં અગ્નિની જ્વાળાઓ પેટાવીને એ અગ્નિમાં પિત્તની વ્યાધિવાળા માણસને બેસાડવામાં આવે અને જે વેદના થાય એના કરતાં પણ અનંતગણી વેદના નરકમાં નારકી જીવોને થાય છે. ત્યાંથી નારકીના જીવને ઉપાડીને મૃત્યુલોકમાં લાવીને કેસુડાના ફૂલ જેવા લાલચોળ ખેરના અંગારામાં મૂકવામાં આવે અથવા ટાટા કે મહાલેત્રાની લોખંડ ઓગાળવાની મોટી મોટી ભઠ્ઠીઓમાં મૂકવામાં આવે તો એ નારકીના જીવોને ચંદનના વિલેપન જેવી ઠંડકનો અનુભવ થાય અને ક્ષણવારમાં ગાઢનિદ્રા આવી જાય !!

(૩) **ભૂખની વેદના...!** ભૂખની વેદના તો એવી છે કે સમસ્ત વિશ્વની સઘળી ય ચીજો ખાઈ જાય તો પણ એની ભૂખ ન શમે! અર્થાત્ ભૂખ તો એવી ને એવી જ રહે ! (૪) તરસનું દુઃખ પણ એવું જ દારૂણ હોય છે. સઘળા ય સમુદ્રના પાણીને પોતાના પેટમાં પધરાવી દે તો પણ તૃષા છીપે નહિ...!

(૫) **ખરજવાની વેદના** એવી હોય છે કે છરી વેરેથી શરીરે ખણવાનું મન થાય. છરીથી ખણવામાં આવે તો પણ શાંતિ ન થાય ! આખા શરીરે ખરજવાની સતત પીડા હોય છે. શરીરે કુવેચ (કુવેત) લાગી હોય અને જે ખણજ ઉપડે એના કરતાં કંઈ ગુણીવેદના ત્યાં હોય છે. (૬) પરતંત્રતા - પરવશતાના કારણે નારકીજીવો પરમાધામી (નારકીના જીવોને દુઃખ આપનાર) દેવોને કાકલુદી કરે છે આજીજી કરે છે !

(૭) જવર-તાવ એવો હોય છે કે શરીર હંમેશા તપેલું જ હોય છે. અર્થાત્ એ તાવ આપણા તાવ કરતાં અનંતગુણો હોય છે અને

જીંદગીસુધી રહે છે. એ ઓછું હોય તેમ ત્યાં પરમાધામીદેવો ઉપરથી અગ્નિનો વરસાદ વરસાવે છે. એ અગ્નિથી બચવા નારકીના જીવો ગુફાઓમાં જતા રહે છે. પણ ત્યાંય પર્વતની મોટી તોતિંગ શીલાઓ એમના ઉપર પડવાથી એમના સર્વ અંગો પાપડના ચૂર્ણ જેવા થઈ જાય છે. જ્યાં બચવા જાય, જ્યાં આરામ કરવા જાય, જ્યાં સુખનો અનુભવ કરવા જાય ત્યાં વધુ દુઃખના ભાગી બને છે ! છઠ્ઠી અને સાતમી નરકમાં નારકીજીવોને હંમેશ ૫૬૮૯૯૫૮૪ રોગ પ્રગટપણે હોય છે !

(૮) દાહની વેદનાથી ત્રાસ પામેલા એ નારકીઓ ઠંડક માટે ફાંફાં મારે છે પણ ત્યાં ઠંડક ક્યાંથી મળે ?

(૯,૧૦) ભય અને શોક તો એટલી હદે હોય છે કે તેઓ સતત ધ્રુજતા જ હોય છે. આંસુની ધારાઓ અનરાધાર વહેતી હોય છે. આક્રંદ હંમેશ સાંભળવા મળે છે !

ત્યાંની પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ (પવન) અને વનસ્પતિનો સ્પર્શ પણ નારકીજીવોને અત્યંત દુઃખદાયી હોય છે.

જેમ મનુષ્યલોકમાં એક શેરીના કૂતરા બીજી શેરીના કૂતરાને જોઈ સામસામે ધસે છે, ભસે છે અને ઘુરકીયા કરે છે તેમ નારકીઓ પણ પરસ્પર ક્રોધથી ધમધમતા એક બીજા સામે ધસે છે, ઘુરકીયા કરે છે, ઝગડે છે, મારે છે, છેદે છે, દુઃખ આપે છે કારણ કે તેઓને પરસ્પર જન્મજાત વૈર હોય છે. ભાલા, તલવાર, બાણ તેમજ હાથ-પગ કે દાંતના પ્રહારથી એક બીજાના અંગોપાંગ છેદાઈ જાય છે, અને કતલખાનામાં કપાયેલા અંગોપાંગવાળા પશુઓની જેમ તેઓ તરફડે છે.

પરમાધામીકૃત વેદનાઃ નરકમાં દુઃખ આપનારા (ત્રણ નરકસુધી) ૧૫ પ્રકારના પરમાધામીદેવો હોય છે તેઓ નારકીના જીવોને વિવિધ દુઃખો આપે છે.

નારકીજીવ ઉત્પન્ન થયો છે એમ જાણે એટલે તેઓ ગર્જના કરતા ચારે બાજુથી દોડીને ત્યાં આવે છે અને બોલે છે - રે !



અરે ! આ પાપીને જલ્દી મારો, છેદો, ભેદો...! નિષ્ઠુર હૃદયવાળા તેઓ ભાલા-તલવાર, બાણ આદિ વડે તેના ટુકડે ટુકડા કરીને કુંભીમાંથી (જન્મનું કોઠી જેવું સ્થાન કે જેનું મુખ સાંકડું અને પેટ મોટું હોય છે તે કુંભી કહેવાય છે) બહાર કાઢે છે...!

આ રીતે બહાર કઢાતો પેલો નારકીજીવ અનંત આક્રંદ કરે છે તો પણ પરમાધામી તેને શૂળી ઉપર ચઢાવે છે શૂળી ઉપરથી કાંટાના ઢગલામાં પછાડે છે વળી ભડભડતી વજ્ર-અગ્નિની ચિતામાં ફેંકે છે, આકાશમાં ઊંચે લઈજઈને ઊંધે મસ્તકે નીચે પછાડે છે નીચે પડતા તેને વજ્રમય સોયોથી વીંધી નાંખે છે! ગદા વગેરેથી માર મારે છે અરે! આખા શરીરના નાના મોટા ટુકડા ટુકડા કરી નાંખે છે. (ત્યાંની રચના જ એવી છે કે ગમે તેટલા ટુકડા થાય તો પણ પારાની જેમ પાછા આપોઆપ સંધાઈ જાય, પણ વેદના અપરંપાર થાય) બીજા દેવતાઓ પેટ અને હૃદયને ફાડી નાંખે છે. તેમાંથી આંતરડા, ચરબી, માંસ વગેરે વારંવાર બહાર કાઢીને નારકીજીવોને બતાવે છે. ત્રિશૂળ, શૂળ, ભાલા અને શૂળીમાં તે જીવોને પરોવે છે. જાજ્વલ્યમાન અગ્નિમાં બાળે છે. અંગોપાંગને ભાંગી નાંખે છે તથા સાથળ, ખભા, હાથ, પગ વગેરે અવયવોના નાના નાના ટુકડા કરી નાંખે છે...!

કેટલાક પરમાધામીઓ તેમને મોટા મોટા ચૂલામાં, કઢાઈમાં, અનંત ગરમરેતીમાં જીવતા માછલાની જેમ ભુંજી નાંખે છે તેના જ શરીરનું માંસ કાઢીને તેને જ ખવડાવે છે શરીરના ટુકડા કરીને ઉકળતા તેલમાં ભજીયાની જેમ તળે છે! ભઠ્ઠીમાં ચણા, સીંગ વગેરે ફોડે તે રીતે પરમાધામીઓ ભઠ્ઠી કરતાં અનંત ગણી તપેલી રેતીમાં એને ભુંજી નાંખે છે - શેકે છે...!

કેટલાક પરમાધામીઓ તો ચરબી-માંસ-પરૂ હાડકાથી ખદબદતી અને કડકડતા લાક્ષારસના પ્રવાહવાળી, ઘણી ખારવાળી અને અનંત ગરમપાણીવાળી નદીમાં નારકીઓને ડુબાડે છે, ચલાવે

છે. તપાવેલી લોખંડની નાવડીમાં બેસાડે છે એકબીજા નારકીઓ પાસે એકબીજાની ચામડી છોલાવે છે. અને પોતે કરવત વડે નિર્દયપણે લાકડાની જેમ વિદારી નાંખે છે...!

આ પ્રમાણે એ જીવોને પછાડવામાં આવે, કાપવામાં આવે, તળવામાં આવે, છેદવામાં આવે, ભેદવામાં આવે, બાળવામાં આવે, શેકવામાં આવે, તોડવામાં આવે, ઓગાળવામાં આવે તો પણ પાપના ઉદયથી ફરી પાછા પારાના રસની જેમ હતા એવા થઈ જાય છે!

પરમાધામીદેવતાઓ એ જીવોને તેમના પાપ યાદ કરાવીને શિક્ષા આપે છે! પરસ્ત્રી લંપટ અને વિષયાસક્તજીવોને તાંબાની તપાવેલી પૂતળીઓનું આલિંગન કરાવે છે.

પૂર્વભવમાં હોંશે હોંશે રાત્રિભોજન કરનારા, જીભના ટેસ્ટ પાછળ પરવશ પડેલા અને અભક્ષ્યના ભક્ષણ કરનારા, રસનામાં આસક્ત બનેલા નારકીના મોંઢામાં પરમાધામીદેવો કીડીઓ ભરીને મોંઢુ સીવી નાંખે છે, એના મોઢામાં ભયંકર સર્પ, કીડી વગેરે તથા વિષ્ટાથી અનંતગણી અશુભ અને દુર્ગંધીવાળી વસ્તુઓ નાંખે છે.

વિવિધ વેદનાઓથી તરફડતા નારકીજીવોને શરીરમાંથી ચામડી-માંસ વગેરે કાઢીને અગ્નિમાં પકાવી તેના જ મોઢામાં બળાત્કારે ઘાલે છે. તેનું જ લોહી તેને પીવડાવે છે. દોરડાથી બાંધીને વજ્રની ભીંત સાથે, ધોબી કપડા ધોતી વખતે પત્થરની શીલા ઉપર પછાડે છે તેમ પછાડે છે વજ્રની જાળમાં નાંખે છે. લોખંડની પાઈપ વગેરેથી માર મારે છે. ઊંધા માથે લટકાવીને નીચે ભડભડતો અગ્નિ સળગાવે છે!

વાઘ-સિંહ આદિ વિકુર્વીને પંજા વગેરેના પ્રહારથી ત્રાસ આપે છે. આંખો બહાર કાઢી નાંખે છે મસ્તક છોલી નાંખે છે, તપાવેલું સીસુ પાય છે, લોખંડી ઘણના પ્રહારો ઝીંકે છે.

પડેલા ઘા ઉપર મીઠું ભભરાવે છે. ઘાણીમાં તલની જેમ પીલે છે, કાન કાપી નાંખે છે, હાથ-પગ ફાડી નાંખે



છે, છાતી બાળી નાંખે છે. નાક પણ કાપી લે છે. ખાવા માટે જાનવરોના સડેલા કલેવરો આપે છે. એ દીન જીવો ચારે દિશામાં રક્ષણ શોધે છે પણ કોઈ સહાયક કે રક્ષક દેખાતું નથી!

નારકોને જ્યારે કુંભીમાં પકાવવામાં આવે છે ત્યારે ૫૦૦-૫૦૦ યોજન ઊંચે ઉછળે છે ત્યાંથી પાછા પૃથ્વી પર પડે છે!

નીચે નીચેની નરકમાં દુ:ખ પીડા-ત્રાસ અનુક્રમે તીવ્ર, અતિતીવ્ર, અતિ અતિતીવ્ર.... હોય છે! રાત-દિવસ દુ:ખથી પીડાતા નારકો એક શ્વાસ પણ સુખપૂર્વક લઈ શકતા નથી એમના લમણે કેવળ દુ:ખજ લખાયેલું છે! એ દુ:ખથી પીડિત આત્માઓ દુ:ખથી કંટાળીને મરવા ઈચ્છે તો પણ પોતાના આયુષ્યની પૂર્ણાહુતિ પૂર્વે, મરી શકતા નથી!

જૈનગ્રંથોના આધારે નરકના દુ:ખોનું આ સામાન્યવર્ણન કર્યું. હવે જૈનેતર ગ્રંથોના આધારે થોડું નિરીક્ષણ કરીએ. જૈનેતર-ગ્રંથોમાં પણ ઘણી જગ્યાએ નરક-નારકી અને નારકજીવોના દુ:ખનું વર્ણન કરેલું જોવા મળે છે. એમાં ખાસકરીને ગરુડ પુરાણમાં વિશેષ ધ્યાન આપેલું છે. એમાંથી થોડોભાગ અત્રે અપાય છે.

અનેક પ્રકારના ભ્રમિત ચિત્તવાળા, મોહજાળમાં ફસાયેલા અને કામ-ભોગોમાં આસક્ત આત્માઓ અપવિત્ર નરકમાં પડે છે.

—શ્રીમદ્ ભગવદ્ગીતા

આ લોકમાં જે રાજવંશી, રાજપુરુષો અને પાખંડીઓ ધર્મરૂપી સેતુને તોડી નાંખે છે તેઓ મરીને નરકમાં-વૈતરણી નદીમાં જાય છે. મર્યાદાભ્રષ્ટ તેઓનું વૈતરણીનદીના મત્સ્યો દ્વારા ભક્ષણ થાય છે. તેઓ મરવા ધારે તો મરી શકતા નથી! પોતાના પૂર્વભવના પાપોને યાદ કરતા તેઓ વિષ્ટા, મૂત્ર, પરુ, લોહી, કેશ, નખ, હાડકાં, મેદ, માંસ અને ચરબીથી ભરપૂર નદીમાં અનંત ત્રાસ અનુભવે છે.

—શ્રીમદ્ ભાગવત સ્કંધ ૫. અ. ૨૬

હે રાજન્! ચૌદશ, આઠમ, અમાસ, પૂનમ, સૂર્યકાંતિ

વગેરે પર્વ દિવસોમાં તેલ, સ્ત્રી અને માંસનો જે આત્માઓ ભોગવટો કરે છે તે અહીંથી મરણ પામીને જ્યાં મૂત્ર-અને વિષ્ટાનું ભોજન છે એવી નરકભૂમિમાં ઉત્પન્ન થાય છે. (માત્ર જૈનોમાં જ નહિ પણ જૈનેતરોમાં પણ ચૌદશ-આઠમ વગેરે પર્વતિથિ ગણાવી છે. એ પર્વદિવસોમાં વિશેષ પાપત્યાગ અને ધર્મસેવનનું વિધાન જોવા મળે છે.)

–શ્રી વિષ્ણુપુરાણ.

લાભની બુદ્ધિથી જેઓ પ્રાણીઓને મારી નાંખે છે, અને માંસ માટે જેઓ ધન આપે છે તે પાપીઆત્માઓ રૌરવ (એ નામનો નરકાવાસ નરકમાં રહેવાની જગ્યા છે). આદિ સ્થાનોમાં જઈ અનંતવેદના ભોગવે છે. માટે માંસનો ત્યાગ કરવો જોઈએ.

–શ્રીલંકાવતાર સૂત્ર (બૌદ્ધ)

(૧) નાસ્તિક (૨) મર્યાદાનો ભંગ કરનારા (૩) લોભી (૪) વિષય લંપટ (૫) પાખંડી અને (૬) કૃતઘ્ન-નિમકહરામ - આ છ પ્રકારના જીવો મરીને નરકની પીડા ભોગવનારા થાય છે!

જુગાર, માંસ, દારૂ, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન આ સાતવ્યસન જીવને નરકમાં ઘસડી જાય છે!

ભૂખ, તરસથી પીડાતા પાપી નારકીજીવો નરકમાં જ્યાં ફીણવાળા લોહીની વૈતરણી નદી વહી રહી છે તે નદીના લોહી પીએ છે! મહાભયંકર અનંત ક્રૂર યમદૂતો દ્વારા મુદ્‌ગર-ગદા આદિના તાડનથી નારકીઓના મુખમાંથી નીકળતું લોહી એ નારકીઓ જ ફરી પી જાય છે!

હે ગરુડ! આ રીતે પાપીજીવોની પીડા અનેક પ્રકારની છે! સર્વશાસ્ત્રોમાં કહેલી એ પીડાનું વિસ્તારપૂર્વક વર્ણન કરવાથી શું? અર્થાત્ ગમે તેટલું વર્ણન કરો તો પણ ઓછું છે!

–શ્રી ગરુડ પુરાણ.

* * * * * * *



# : પ્રથમાવૃત્તિને મળેલો સૌહાર્દભર્યો આવકાર :

"રાત્રિભોજન મહાપાપ પુસ્તક મળ્યું, સુંદર તૈયાર થયું છે. પ્રમાણો સારાં આપ્યા છે, વાંચતાં માણસને રાત્રિભોજન ત્યાગની પ્રેરણા થઈ જાય એવું છે..."

**– વર્ધમાન તપોનિધિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.**

'રાત્રિભોજન મહાપાપ પુસ્તક મળી ગયું છે. બોરીવલીવાળા એક સંબંધીને દેખાડતાં તેઓ લઈ ગયા છે. સંકલન સંક્ષેપ સારવાળી કર્યું છે. શોર્ટ એન્ડ સ્વીટ. થોડામાં ઘણું લાભદાયી છે.' **–પ્રશાંતમૂર્તિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

"... નાનું પણ રાત્રિભોજન ત્યાગ માટેનું પુસ્તક ખૂબ જ આકર્ષક છે. પુસ્તકના વાંચન અને મનનથી અનેક આત્માઓ રાત્રિભોજનના ત્યાગના માર્ગે આગળ વધશે. આવું સુંદર પ્રકાશન કરવા બદલ અભિનંદન..."

**–પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી કલ્પરત્ન વિજયજી મ.**

"રાત્રિભોજન - મહાપાપ સંકલક: પૂ. મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજયજી મ. નાનકડી પુસ્તિકામાં ખૂબ જ ઉપયોગી વિષય પર સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. રાત્રિભોજન જૈનદૃષ્ટિએ, અજૈનદૃષ્ટિએ, આરોગ્યની દૃષ્ટિએ અને સર્વસામાન્યદૃષ્ટિએ પણ કેટલું બધું નુકશાનકારક છે, એનું હૃદયસ્પર્શી વર્ણન આ પુસ્તિકામાં કરાયું છે. રાત્રિભોજનના પાપને છોડાવી શકવા સમર્થ આ પુસ્તિકા ક્રમે ક્રમ રાત્રિભોજનના પાપનો તીવ્ર ડંખ તો અવશ્ય જગવી જ જશે. આ પુસ્તિકા સ્વજન-પરિવારમાં (જૈન-જૈનેતરોમાં) વિતરિત કરવા શ્રીશાંતિલાલ હરિલાલ મહેતા બોરોલતીર્થ નિવાસી હાલ મુંબઈ-વાલકેશ્વર તેમજ શ્રી માણેકલાલ મોહોલાલ ઝવેરી સુવાસા-વાલકેશ્વર તરફથી ય પ્રસિદ્ધ કરવામાં આવી છે. આકર્ષક ટાઈટલ ને ફોટો ટાઈપ સેટીંગમાં મુદ્રિત આ બુકલેટ વાંચવા-વિચારવા જેવી છે..."

**–'કલ્યાણ' માસિક - સાહિત્ય સમાલોચના**